# ગણેશ પ્રતિમા ખંડિત થતાં ખાંડવાળી શેરીનો આખો મહોલ્લો રડ્યો હતો

**૧૯૭૫** અને ૧૯૯૯માં નાગદમન સ્વરૂપની શ્રીજીની પ્રતિમા વિસર્જન વેળા અને વાસુદેવના ટોપલામાં શ્રીકૃષ્ણના બાળ સ્વરૂપમાં બાળગણેશની પ્રતિમા સ્થાપના વખતે તૂટી પડી હતી

**આ બે** ઘટનાઓને પગલે આયોજકો દ્વારા ગણેશજીની નાની પ્રતિમાની સ્થાપના કરવાની સાથે તેનું ઘર આંગણે જ વિસર્જન કરવાનો નિર્ણય લેવાયો હતો


◆ ખાંડવાળી શેરીમાં હવે મુકાતા નાના શ્રીજી

સુરતઃ શ્રીજીની ભક્તિમાં કદાચ કોઈ માપ હોતું નથી, પરંતુ જ્યારે પોતાની આંખો સામે આરાધ્ય દેવની પ્રતિમા તૂટી પડે ત્યારે ભક્તનું હૃદય જરૂર તૂટી જાય છે. ભાગળની ખાંડવાળી શેરીમાં પ્રથમ ઘટના વર્ષ ૧૯૭૫માં બની હતી. ૨૨ ફૂટ ઊંચી નાગદમન સ્વરૂપની શ્રીજીની ભવ્ય પ્રતિમા સ્થાપિત કરવામાં આવી હતી. એક પગે ઉભેલા શ્રીજીનું આ સ્વરૂપ ભક્તો માટે માત્ર મૂર્તિ નહોતું, પરંતુ શ્રદ્ધા, ભાવના અને આસ્થાનું કેન્દ્ર હતું. વિસર્જનનો દિવસ આવ્યો, ભક્તો ભારે હૈયે શ્રીજીને વિદાય આપવા નીકળ્યા. ચોક બજાર ડક્કા ઓવારે વિસર્જનની વિધિ ચાલી રહી હતી. વાતાવરણમાં ભક્તિના જયઘોષ વચ્ચે અચાનક શ્રીજીની વિશાળ પ્રતિમા તૂટી પડી હતી. જેને પગલે હવે નાની પ્રતિમાઓની જ સ્થાપના કરવામાં આવે છે.

## ક્ષણભર માટે જાણે બધું થંભી ગયું

જે શ્રીજીને ભક્તોએ ગણપતિ બાપ્પા મોરિયાના જયઘોષ સાથે વાજતે-ગાજતે વિદાય આપવા આવ્યા હતા, તેમની પ્રતિમા આંખો સામે તૂટી પડતાં ભક્તો સ્તબ્ધ બની ગયા. કોઈની આંખોમાં આંસુ હતા તો કોઈ શ્રીજી સામે જોઈને ભાવુક બની ગયું હતું. આ ઘટના અંગે મહોલ્લામાં જાણ થતાં સમગ્ર મહોલ્લામાં એકઠો થઈ ગયો અને દરેકની આંખો ભીની થઈ ગઈ હતી.

## પરંતુ જાણે પરીક્ષા હજુ પૂરી થઈ ન હતી

ભગવાન શ્રીજી પોતાનાં ભક્તોની કસોટી લેતાં હોય તેમ વર્ષ ૧૯૯૯મા મહોલ્લામાં પાણીના હોજમાં શ્રીજીની પ્રતિમા ગોઠવવામાં આવી રહી હતી. આ વખતે વાસુદેવના ટોપલામાં શ્રીકૃષ્ણના બાળ સ્વરૂપમાં બાળગણેશની ૧૨ ફૂટની પ્રતિમા તૈયાર કરવામાં આવી હતી. પરંતુ હોજમાં પ્રતિમા ગોઠવવાની વેળાએ અચાનક આ પ્રતિમા પણ તુટી પડી હતી.

## ૧૯૯૯ જેવી જ શ્રીજીની વાસુદેવ સાથેની પ્રતિમા આ વર્ષે મૂકવામાં આવી



ભાગળ ખાંડવાળી શ્રી ગણેશના આયોજક જયેન્દ્રકુમાર નાનાભાઈ મેવાવાળાના જણાવ્યા મુજબ, અગાઉ બનેલી ઘટનાઓ બાદ ભક્તોએ નિર્ણય લીધો હતો કે હવે ૯ ફૂટથી ઊંચી શ્રીજીની પ્રતિમા સ્થાપિત કરવામાં નહીં આવે. આ વર્ષે પણ શ્રીજી પ્રત્યેની આસ્થા અને પરંપરા યથાવત રહી છે, ભવ્યતાની જગ્યાએ ભાવનાને મહત્વ આપવામાં આવે છે. વર્ષ ૧૯૯૯માં બનાવેલી વાસુદેવના ટોપલામાં શ્રીકૃષ્ણના બાળ સ્વરૂપમાં બાળગણેશની પ્રતિમા આ વખતે સ્થાપિત કરવામાં આવી છે. જેની ઊંચાઈ ૯ ફૂટથી ઓછી છે. આ નિર્ણય પાછળ કોઈ ભવ્યતા કે દેખાવ નહીં, પરંતુ બે વખત ભક્તોના હૈયાને સ્પર્શી ગયેલી એ કરુણ ક્ષણોની યાદ છે.

# ભેંસાણમાં ટેન્કરમાંથી LPG ગેસ ચોરી-રિફિલિંગનું કૌભાંડ ઝડપાયું: 9 ઝડપાયા


**રૂ.12** હજારના પગારદાર ચોકીદારની દેખરેખ હેઠળ ગેસ ચોરીનું મોટું નેટવર્ક!

**કોર્ટમાં** રજૂ કરાતાં રિમાન્ડ નામંજૂર કરાતાં જેલમાં મોકલાયા

સુરતઃ ભેંસાણ ગામ નજીક આવેલા રિલાયન્સના જૂના ડેપો પાસે ટેન્કરમાંથી ગેસ ભરવાનું કૌભાંડ પકડાયું હતું. પોલીસે દરોડા પાડી એચપીસીએલ કંપનીના કર્મી સહિત 9 લોકોને રંગેહાથ પકડી પાડી 56 લાખની મતા કબજે લીધી છે. પોલીસને બાતમી મળી હતી કે, ભેંસાણ ગામ નજીક આવેલા રિલાયન્સના જૂના ડેપો પાસે ટેન્કરમાંથી ઘરેલું ગેસ રિફિલિંગ કરવાનું કૌભાંડ આચરવામાં આવી રહ્યું છે. પોલીસે આ બાતમી આધારે વોચ ગોઠવી હતી. વોચ દરમિયાન એચપીસીએલ કંપનીના ટેન્કરમાંથી ઘરેલું ગેસ બોટલ રિફિલિંગ કરતા એચપીસીએલ કંપનીનો કર્મચારી પવનસિંગ અતુલસિંગ ગુર્જર પકડાઈ ગયો હતો. પોલીસે વધુ તપાસ કરતાં વોચમેન મહેશભાઈ જંજવાડિયા સહિત અન્ય 8 ઈસમ મળી આવ્યા હતા. પોલીસની સ્થળ પરથી ૮૭ એલપીજી ગેસ સિલિન્ડર, બે ચારચક્રિય વાહનો, એક ટેન્કર અને એક ટેમ્પો સહિત કુલ રૂ.૫૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, જે જગ્યાએ રિપેરિંગના કામના બહાને આ ગેરકાયદે પ્રવૃત્તિ ચલાવવામાં આવતી હતી, તેના મુખ્ય માલિક મુંબઈ ખાતે રહે છે. માલિક આ સ્થળે ભાગ્યે જ આવતો હોવાનું જાણવા મળ્યું છે.

સ્થળની દેખરેખ માટે તેણે માત્ર એક ચોકીદાર રાખ્યો હતો. આ ચોકીદારને દર મહિને રૂ.૧૨ હજાર પગાર આપવામાં આવતો હતો અને તેની દેખરેખ હેઠળ જ એલપીજી ગેસની ચોરી તથા રિફિલિંગનું મોટું નેટવર્ક ચાલી રહ્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. ધરપકડ બાદ તમામ આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટમાં પાંચ આરોપીઓનાં રિમાન્ડ નામંજૂર થતાં તેમને સીધા લાજપોર જેલમાં મોકલી આપવાનો હુકમ કરવામાં આવ્યો હતો. જ્યારે અન્ય ચાર આરોપીઓનાં એક દિવસનાં રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યાં છે.

# બાલીની જેમ સુરતમાં પણ નદીમાં તરતા ગણપતિની સ્થાપના, ભક્તોમાં ભારે આકર્ષણ



કલાકાર ડો. કરણ જરીવાલાએ આ વર્ષે ઇન્ડોનેશિયાના બાલીની પ્રખ્યાત આયુંગ નદી અને ત્યાંની સંસ્કૃતિને ગણેશ મંડપમાં સાકાર કરી છે. ખાસ વાત એ છે કે આ સમગ્ર સેટ તેમણે કોઈ મોટા આધુનિક સાધનો કે મશીનરી વિના એકલા હાથે તૈયાર કર્યો છે. સેટની દિવાલો પર જાપાનીઝ રામાયણ 'કકાવિન રામાયણ'ના વિવિધ પ્રસંગોનું બારીક કોતરણીકામ કરવામાં આવ્યું છે. સમગ્ર રચનાની મધ્યમાં બાલી શૈલીમાં તૈયાર કરાયેલા 'બાલી ગણપતિ'ને નદીના પાણી પર તરતા સ્વરૂપે રજૂ કરવામાં આવ્યા છે. પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપતા સમગ્ર ડેકોરેશનમાં પુનઃઉપયોગ કરી શકાય તેવી સામગ્રીનો ઉપયોગ કરાયો છે, જ્યારે ગણેશજીની પ્રતિમા પણ પર્યાવરણને અનુકૂળ સામગ્રીથી તૈયાર કરવામાં આવી છે.

# દાળિયા શેરીના ગણેશજી જોવા માટે ભક્તોની શનિવારે ભારે ભીડ


મહિધરપુરા, દાળિયા શેરીમાં આભુષણોના ગણેશજીને જોવા માટે શનિવારે રાત્રે ભક્તોનિ મોટી ભીડ ઉમટી પડી હતી. આખી દાળિયાશેરીમાં ભક્તો જ ભક્તો દેખાતા હતા. (ત.: હેમંત ડેરે)

# સમુદ્રના મોજાથી મંદિરની રક્ષા કરવાની થિમ પર ન્યૂ રાંદેર રોડના ગણેશજી





ન્યૂ રાંદેર રોડ સ્થિત બીએસએનએલ ઓફિસ ખાતે શ્યામ ગ્રુપ દ્વારા આ વર્ષે ગણેશોત્સવ નિમિત્તે જગન્નાથ મંદિરની થીમ પર મંડપ તૈયાર કરવામાં આવ્યો છે. મંડપમાં જૂના જગન્નાથ મંદિર સાથે જોડાયેલી પ્રચલિત લોકવાયકા કે, અગાઉ સમુદ્રનું પાણી મંદિર સુધી આવી જતું હોવાથી હનુમાનજીને મંદિર પાસે રક્ષણ માટે બેસાડવામાં આવ્યા હતા. જોકે રાત્રિના સમયે દરિયા કિનારે રામધૂન વાગતી હોવાથી હનુમાનજી રામધૂન સાંભળવા ત્યાં જતા રહેતા અને ત્યારબાદ દરિયો ફરી તોફાની બનતા મંદિર પર પાણી ફરી વળતું હતું. આથી ભગવાન જગન્નાથે હનુમાનજીને મંદિર પાસે સાકરથી બાંધી દીધા હોવાની માન્યતા છે.





ઈશાન, પરી, હેની-નાનપુરા


તનીષા, વિપુલ, જાન્વી દિઘે-મોટા મંદિર યુવક મંદિર


દ્રષ્ટિ અને દર્શન ઠુંમર, શ્રી નચિકેતા વિદ્યાનિકેતન, સીતાનગર


શિવાંશ, ડેનિશ અને નિશા મોરે-સાંઈ મિલન રેસિ., પાલનપુર ગામ


જેનીલ રાઠોડ ખોડિયાર માતા યુવકમંડળ, નાનપુરા


દિનેશ ગલ્યર-૩૦૧ અંબિકા સદન, બોરડી શેરી, સૈયદપુરા


દૈવિક ગણેશ પોટે લા હેલિયોસ, અડાજણ


સૃષ્ટિ, ઈશ્વા-અંબિકા નગર, કતારગામ


શ્વેતા, સોનાલી, નિધી, રિયા સાંઈ રચના સોસાયટી,પાલ


ડો. તેજસ વશી-વેસુ


સંજય ગાંધી, અમિષા ગાંધી સિટી લાઇટ રોડ


ગોવિંદા ગિરાસે-ઠાકુર સેવા સમિતિ યુવક મંડળ, ડિંડોલી


જતીન ખારવર, સોનલ તાણાવાલા-દેસાઈ શેરી, સગરામપુરા


અનિષ પટેલ-આભૂષણ બંગલોઝ, અલ્કાપુરી, સુમુલ ડેરી રોડ


સમીર ગાંધી, જનક બાટલીવાલા, હિતેશ મેર-સુયોગનગર સોસાયટી, ભટાર


એડ્વોકેટ કલ્પેશ દેસાઈ પરિવાર વિઘ્નરાજા ગ્રુપ, ઘોડ દોડ રોડ


મિહિર-મહેશ ભગવાકર, અક્ષત-સોહિની સિંગલ, ધીરજ-દિવ્યા-સ્વરા-ધીર ગુનેચા, કરણ અને પૂર્વી-જેહ સોમાણી-ડ્રીમ હાઉસ, કેનાલ રોડ, વેસુ


શૈલેષ અને અમૃતા-જૂના ભટાર


ચેતના અને હેમેશ પાલ પાલનપુર જકાતનાકા


પીયૂષ પટેલ-204 ટેક્નો ઈન્ડ. ગ્રીન એટ્રીયા, અડાજણ


ફેની, સની, હીર અનાજવાળા અડાજણ પાટિયા


ભારતી ગાંધી કિંગ્સટન, પાલ ભાઠા